# ૩.૫ શરીરની મૂળભૂત શક્તિઓ છ.

**પર્યાપ્તિ**




જીવરાજભાઈ એક  નગરમાં રહેતા હતાં, તેમણે એક કારખાનું ખોલવું હતું તે માટે તેમણે વિદેશથી છ મશીન મંગાવ્યા હતાં. એક મશીન એવું હતું કે જેમાંથી સીંગ અને ફોતરા મગફળીમાંથી છૂટા પડી જાય બીજું મશીન એવું હતું કે જેમાં સીંગમાંથી સીંગતેલ બની જાય, ત્રીજુ મશીન એવું હતું કે નીકળેલા સીંગતેલને શુદ્ધ કરી દે અને ચોથું પાંચમું અને છઠ્ઠુ મશીન તે તેલની સહાય થી જુદી જુદી અનેક વસ્તુઓ બનાવી શકે.

આ છએ મશીનો એક સાથેજ ફીટ કરવાનું કામ શરુ કર્યું પણ ફીટ થવાનું કાર્ય પૂરુ થતા દરેકને જુદો જુદો સમય લાગ્યો હતો. કારણ કે છએ મશીનોની વિશિષ્ટતા જુદી જુદી હતી.

મશીનો ફીટ થઈ જતા જીવરાજભાઈને જીંદગીભરનું સુખ થઈ ગયું, કારણ કે મશીનોજ હવે બધુ ઓટોમેટીક કામ કર્યા કરે છે. હા, શેઠ કારખાનું બંધ કરી દેતો વાત જુદી છે. અને થોડાક સમયમાં જીવરાજ ભાઈને આ મશીનોથી પુષ્કળ કમાણી કરતું કારખાનું ધમધોકાર ચાલતું હતું.

આ જોઈને તેમના અન્ય વેપારીઓને પણ આવા મશીનો લાવવાની ઈચ્છા થઈ પરંતુ તે ખરીદવાતો અઢળક પૈસા જોઈએ. બધા પાસે એ થોડા હોય? જેની શક્તિ હતી તેઓ તો છએ મશીન લઈ આવ્યા, પણ બાકીના પોતાની શક્તિ પ્રમાણે ત્રણ ચાર કે પાંચ મશીનો લાવીને તેની સહાયથી જીવન પસાર કરવા લાગ્યા.

જીવરાજભાઈ બીજું કોઈ નહી પણ તે આપણો જ જીવ છે. અને કારખાનું તે બીજું કઈ નહીં પણ આપણું જીવન જ છે. અને મશીનો તે આપણી પર્યાપ્તિ છે. કારખાનું જેમ મશીન વિના ન ચાલે તેમ આપણું જીવન પણ અમુક પ્રકારની શક્તિ વગર ન જીવી શકાય. તે શક્તિને જ્ઞાની પુરુષો **પર્યાપ્તિ** કહે છે.

**પર્યાપ્તિ એટલે શક્તિ :** પર્યાપ્તિ  છ છે. ૧. આહાર, ૨. શરીર, ૩.  ઈન્દ્રિય, ૪. શ્વાસોચ્છવાસ, ૫. ભાષા, ૬. મન.

જીવનું એક ભવનું આયુષ્ય પૂર્ણ થઈ જાય છે ત્યારે ત્યાંના શરીરથી એ છુટી પૂર્વે મૂકેલા આયુષ્ય અને ગતિ પ્રમાણે બીજો ભવ પામે છે. જીવ ત્યાં આવતાવેંત આહારના પુદ્‌ગલ આહારરૂપે લે છે, એથી આહારપર્યાપ્તિ ઊભી થાય છે. જુઓ જન્મતાં જ પહેલું કામ ખાવાનું! પૂર્વ જન્મથી કર્મના થોક (કાર્મણશરીર)ની જેમ બીજું એક તૈજસ શરીર પણ સાથે લાવે છે, તેના બળે અહીં આહારને પચાવી રસ-રૂધિરરૂપે શરીર બનાવે છે, અને એમાંના તેજસ્વી પુદ્‌ગલોથી ઈન્દ્રિયો બનાવે છે. એથી ક્રમશઃ શરીર પર્યાપ્તિ – ઈન્દ્રિયપર્યાપ્તિ ઊભી થાય છે. પ્રતિ સમય આહાર લેવાનું, શરીર વધારવાનું અને ઈન્દ્રિય બનાવી દૃઢ કરવાનું કામ પર્યાપ્તિ ચાલુ રખે છે. અંતર્મુહૂર્ત ( બે ઘડીની અંદરનો કાળ) થતાં શરીર, ઈન્દ્રિયો તૈયાર થઈ જાય છે. ત્યાં શ્વાસના પુદ્‌ગલ લઈ શ્વાસોશ્વાસની શક્તિ (પર્યાપ્તિ) મેળવે છે.

પર્યાપ્તિ એટલે જ શક્તિ પુદ્‌ગલ પરમાણુઓના સમુદાયથી ઉત્પન્ન થયેલાં આહારાદિ પુદ્‌ગલોને ગ્રહણ કરી રસાદિરૂપે પરિણમન પમાડવાની જે શક્તિ-વિશેષ. તે પર્યાપ્તિ. તત્ત્વાર્થ સૂત્રની ટીકાની દૃષ્ટિએ કર્તા આત્માને કારણવિશેષથી આહારાદિ ગ્રહણ કરવાનું સામર્થ્ય ઉત્પન્ન થાય અને આત્માની ક્રિયાની સમાપ્તિ થવી તે પર્યાપ્તિ કહેવાય.

જીવ ઉત્પત્તિસ્થાને આવીને પ્રથમ આહારના પુદ્ગલો જ ગ્રહણ કરે છે. અને ત્યાર પછી પ્રતિસમય જે નવા પુદ્ગલો ગ્રહણ કરે તે પૂર્વે ગ્રહણ કરેલ પુદ્ગલોના સંબંધથી તે રૂપે પરિણત થાય છે. આહારને રસ અને ખલરૂપે પરિણમન કરાવની શક્તિ તે તે જ પ્રથમ સમયે ઉત્પન્ન થાય છે. કારણ અને કાર્ય બન્ને એક જ સમયે એક સાથે થાય છે. (ગોમ્મટસારની ટીકામાં ખલને હાડકાં આદિ સ્થિર અવયવોની અને રસને રુધિરાદિ પ્રવાહિની રચનામાં ઉપયોગી માનેલ છે. ) છ એ પર્યાપ્તિનો પ્રારંભ એક સાથે અને સમાપ્તિ અનુક્રમે થાય છે.

**(૧) આહારપર્યાપ્તિ** : જે શક્તિ વડે આહાર ગ્રહણ કરી ખલ (મળ–મૂત્ર–વિષ્ઠારૂપે) અને રસ એટલે સાર પદાર્થ બેઉ જુદા જુદા પરિણમાવે. તે પ્રથમ સમયે જ પૂર્ણ કરે છે.

**(૨) શરીર પર્યાપ્તિ** : રસરૂપ પરિણમન આહારને રસ–રુધિર–ચરબી–માંસ અસ્થિ–મજ્જા (હાડકામાં રહેલો ચીકણો પદાર્થ) અને શુક્ર (વીર્ય) આ સાત ધાતુપણે પરિણમાવે અને શરીરને ટકાવે. આ પર્યાપ્તિ એક અંત:મુહૂર્તની હોય છે.

**(૩) ઈન્દ્રિય પર્યાપ્તિ** : સાત ધાતુરૂપે પરિણમેલ પુદ્ગલોમાંથી તે તે ઈન્દ્રિયયોગ્ય ગ્રહણ કરી ઈન્દ્રિયરૂપ પરિણમેલ તે શક્તિ.

**(૪) શ્વાસોશ્વાસ પર્યાપ્તિ** : શ્વાસોચ્છવાસયોગ્ય વર્ગણામાંથી પુદ્ગલો ગ્રહણ ઉચ્છ્વાસ રૂપે પરિણમાવી તેનું અવલંબન (છોડવા માટેનો પ્રયત્ન) લઈ તે પુદ્ગલોને છોડે તે શક્તિ.

**(૫) ભાષા પર્યાપ્તિ** : જે શક્તિ વડે ભાષાયોગ્ય વર્ગણામાંથી પુદ્ગલો ગ્રહણ કરી ભાષારૂપે પરિણમાવી – અવલંબીને છોડે.

**(૬) મન: પર્યાપ્તિ** : જે શક્તિ વડે મનોયોગ્ય વર્ગણામાંથી પુદ્ગલો ગ્રહણ કરી મનપણે પરિણમાવી અવલંબીને છોડે.

ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા, મન–આ ચારે પર્યાપ્તિ મનુષ્ય–તિર્યંચને અંતર્મુહૂર્તની અને દેવ–નારકીને એક સમયની હોય છે.

પહેલી ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વિના અને ચોથાની શરૂઆત કર્યા સિવાય કોઈ પણ જીવ મરણ પામતો નથી.

આમ જે શકિતઓનો રોજીંદા જીવનમાં અનુભવ કરીએ છેએ, તે ગર્ભમાં ઉત્પન્ન થયાં પછી વધીને ૪૮

મીટર (એક અંતર્મુહૂર્ત) સુધીમાં આ છ એ શકિતઓને બનાવવાનું કામ જીવ ચાલુ કરી દેતું હોય છે. અને તે મરણ પર્યન્ન ટકતી હોય છે.

## કયા જીવને કેટલી ઈન્દ્રિય, કેટલા પ્રાણ ને કેટલી પર્યાપ્તિ ?

| જીવ | ઈન્દ્રિય | પ્રાણ | પર્યાપ્તિ |
|---|---|---|---|
| **એકેન્દ્રિય,** | ૧. સ્પર્શેન્દ્રિય (૧) | સ્પર્શેન્દ્રિય (૪) | આહાર (૪) |
| | | કાયબળ | શરીર |
| | | શ્વાસોચ્છ્વાસ | ઈન્દ્રિય |
| | | આયુષ્ય | શ્વાસોચ્છ્વાસ |
| **બેઈન્દ્રિય,** | ૧. સ્પર્શેન્દ્રિય (૧) | સ્પર્શેન્દ્રિય (૬) | આહાર (૫) |
| | ૨. રસનેન્દ્રિય | રસનેન્દ્રિય | શરીર, ઈન્દ્રિય |
| | | વચનબળ, કાયબળ | શ્વાસોચ્છ્વાસ |
| | | શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય | ભાષા |
| **તેઈન્દ્રિય,** | ૧. સ્પર્શેન્દ્રિય (3) | સ્પર્શેન્દ્રિય (૭) | આહાર (૫) |
| | ૨. રસનેન્દ્રિય | રસનેન્દ્રિય | શરીર, ઈન્દ્રિય |
| | ૩. ઘ્રાણેન્દ્રિય | વચનબળ, કાયબળ | શ્વાસોચ્છ્વાસ |
| | | શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય | ભાષા |
| **ચઉરિન્દ્રિય,** | ૧. સ્પર્શેન્દ્રિય (૪) | સ્પર્શેન્દ્રિય (૮) | આહાર (૫) |
| | ૨. રસનેન્દ્રિય | રસનેન્દ્રિય | શરીર, ઈન્દ્રિય |
| | ૩. ઘ્રાણેન્દ્રિય | ઘ્રાણેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય | શ્વાસોચ્છ્વાસ |
| | ૪. ચક્ષુઈન્દ્રિય | વચનબળ, કાયબળ | ભાષા |
| | | શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય | |
| **પંચેન્દ્રિય,** | ૧. સ્પર્શેન્દ્રિય (૫) | પાંચઈન્દ્રિય (૯) | આહાર (૫) |
| (અસંજ્ઞિ) | ૨. રસનેન્દ્રિય | વચનબળ, કાયબળ | શરીર, ઈન્દ્રિય |
| | ૩. ઘ્રાણેન્દ્રિય | શ્વાસોચ્છ્વાસ | શ્વાસોચ્છ્વાસ |
| | ૪. ચક્ષુઈન્દ્રિય | આયુષ્ય | ભાષા |
| | ૫. શ્રોત્રેન્દ્રિય | | |
| **પંચેન્દ્રિય,** | પાંચઈન્દ્રિય(૫) | પાંચઈન્દ્રિય (૯) | આહાર (૫) |
| (સંજ્ઞિ) | | મનબળ,વચનબળ, | શરીર, ઈન્દ્રિય |
| | | કાયબળ, શ્વાસોચ્છ્વાસ | શ્વાસોચ્છ્વાસ |
| | | આયુષ્ય | ભાષા, મન |